# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 109 તારીખ: 24/07/2018

રજી. એ. ડી. દ્વારા

પ્રતિ,

શ્રી રાણુભા મોડજી જાડેજા,

હનુમાનગઢ રાસાણીવાસ,

ગામ: રામવાવ,

તા.-રાપર,

જી.કચ્છ

વિષય :- કેસ નંબર પીજી ૦૧/૦૦૭/૨૦૧૮-૧૯

સંદભ:- આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૭/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ

(૨) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૩) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

(૪) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 109 તારીખ: 24/07/2018

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-007-2018-19.**

| | |
|---|---|
| અરજદાર: | શ્રી રાણુભા મોડજી જાડેજા,<br>ગામ: રામવાવ, તા.-રાપર, જી.કચ્છ |
| રજૂઆત કરનાર: | શ્રી રાણુભા મોડજી જાડેજા |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ |
| રજૂઆત કરનાર: | (૧) શ્રી જે.વાય.રાવ, કા.ઇ., પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ<br>(૨) શ્રી એન.પી.મહેતા,ના.ઈ.,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,રાપર |

## :: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
3) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ: | ૦૬.૦૭.૨૦૧૮ |



Scanned by CamScanner

## :: અરજદારની રજુઆત ::

૧.૦ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજા ગામઃ રામવાવ, તા.-રાપર, જી. કચ્છએ ઘરવપરાશના નવા વીજજોડાણ લગાડવાના નાણાં વર્ષ ૨૦૦૭માં ભરેલ હોવા છતાં વીજ લાઈન, થાંભલા તથા વીજજોડાણ લગાવેલ નથી. તે લગાડવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજા ગામઃ રામવાવ, તા.- રાપર, જી. કચ્છએ ઘરવપરાશના નવા વીજજોડાણ માટે અરજી કરેલ હતી. તેમાં વીજ લાઈન થાંભલા તથા વીજજોડાણ માટે વર્ષ-૨૦૦૭માં અરજી કરેલ હતી.

૧.૩ પી.જી.વી.સી.એલ.ની રાપર પેટાવિભાગીય કચેરીએ આ અંગેની ફી રૂ. ૧,૯૯૦/-રસીદ નં. ૪૩૩૩૮૮, ૪૩૩૩૮૯ તથા ૪૩૩૩૯૦ થી તા.૦૫/૦૬/૨૦૦૭ના રોજ ભરેલ છે.

૧.૪ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજાએ ઘર વપરાશ માટે વીજજોડાણની અરજી કરેલ. જે ૧૧ વર્ષ પૂર્ણ થઈ ગયા પણ હજુ સુધી વીજજોડાણ મળેલ નથી.

૧.૫ અરજદારશ્રીએ આ અંગે રાપર પેટા વિભાગીય કચેરી ખાતે લેખિત અરજી તા. ૧૨/૦૪/૨૦૧૩ના રોજ કરેલ અને આ બાબતે તેઓશ્રી દ્વારા મૌખિક રજૂઆત પણ કરવામાં આવેલ.

## :: પી.જી.વી.સી.એલ.ની રજુઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી જે.વાય.રાવ,કા.ઇ.,પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી,ભચાઉ તેમજ શ્રી એન.પી.મહેતા, ના.ઈ., પી.જી.વી.સી.એલ., પેટાવિભાગીય કચેરી, રાપર રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજા રહેઃ રામવાવએ જી.યુ.વી.એન.એલ. ચેકીંગ દરમ્યાન વીજ અધિનિયમ - ૨૦૦૩ની કલમ ૧૩૫થી વીજચોરીનો ગુનો તા. ૦૮-૦૬-૨૦૧૮ના રોજ નોંધાયેલ છે. જે વિરુધ્ધ તેઓશ્રીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૧૫-૦૬-૨૦૧૮ના રોજ અરજી કરેલ છે.



Scanned by CamScanner

૨.૨ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજા વીજવપરાશમાં ગેરરીતિ કરતાં માલૂમ પડેલ. જે અંગે તેઓશ્રીને વીજળી અધિનિયમ - ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ પુરવણી બીલ આપવામાં આવેલ. જે બીલ અંકે રૂ.૧૩,૪૫૧.૬૮ છે.(ચોરીની રકમ રૂ. ૧૨,૪૫૧.૬૮ + રૂ. ૧,૦૦૦ કમ્પાઉન્ડીંગ ચાર્જ)

૨.૩ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજાએ ૧૩૫ની કલમ હેઠળ આપવામાં આવેલ બીલ ભરપાઈ કરેલ નથી. સદર રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી વીજ કનેક્શન મળવાપાત્ર થતું નથી. સદર રકમ ભરપાઈ કર્યા બાદ વીજ કનેક્શનની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

3.0. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય.

3.૧ અરજદાર શ્રી રાણુભા મોડજી જાડેજાના જણાવ્યા મુજબ તેમણે વર્ષ ૨૦૦૭માં એસ્ટીમેન્ટની રકમ રૂ. ૧,૯૯૦/- રસીદ નં. ૪૩૩૩૮૮, ૪૩૩૩૮૯ તથા ૪૩૩૩૯૦ તા. ૦૫/૦૬/૨૦૦૭ના ભરપાઈ કરેલ છે. પરંતુ આજ દિન સુધી તેમને વીજકનેક્શન મળેલ નથી.

3.૨ પી.જી.વી.સી.એલ.ના જણાવ્યા મુજબ આ અરજદારશ્રીનું કનેકશન 'B કેટેગરીમાં આવે છે અને તે માટે વીજ થાંભલા પણ ઉભા કરેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા વાયરિંગ કરવા દેવામાં આવેલ નથી. પરિણામ સ્વરૂપ આ કનેક્શન આપી શકાયેલ નથી.

3.3 વિશેષમાં અરજદારશ્રી વીજ સ્થાપનાના ૦૮/૦૬/૨૦૧૮ના ચેકીંગ દરમ્યાન તેઓ ડાયરેક્ટ પાવર ચોરી કરતા હોઈ તેમને રૂ. ૧૨,૪૫૧.૬૮નું પાવરચોરીનું પુરવણી બીલ તેમજ રૂ. ૧,૦૦૦/- કમ્પાઉન્ડીંગનું બીલ આપવામાં આવેલ છે. જે બીલ ગ્રાહક દ્વારા આજ દિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી.

3.૪ અરજદારશ્રીના દ્વારા એસ્ટીમેન્ટ ભરપાઈ થયાને આશરે ૧૧ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. તેથી સીજીઆરએફ ઓમ્બુસ્મેન્ટ રેગ્યુલેશન ૨૦૧૧ની કલમ ૨.30(ii) મુજબ આ કેસ બે વર્ષ જૂનો હોઈ ફોરમના કાર્યક્ષેત્રમાં આવી શકે નહિં.

3. ૫ તદઉપરાંત આ કેસ પાવરચોરીનો કેસ હોવાથી સીજીઆરએફ ઓમ્બુસ્મેન્ટ રેગ્યુલેશન ૨૦૧૧- ૨.30(ii) ની કલમ મુજબ આ કેસ ફોરમના કાર્યક્ષેત્રમાં આવતો નથી.



Scanned by CamScanner

૩. ૬ તેમ છતાં ન્યાયનાહિતમાં પાવરચોરીનું પુરવણી બીલ પીજીવીસીએલના પ્રવર્તમાન નિયમ મુજબ ભરપાઈ કરવામાં આવે તો તેમણે અગાઉ ભરેલ એસ્ટીમેટના અનુસંધાને થાંભલાનું વાયરીંગ કરીને કનેક્શન રીલીઝ કરવાની સૂચના પીજીવીસીએલને આપવામાં આવે છે. આમ અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એ.એસ. માંડલિયા | એન. એચ. જોષી | જે.બી. પારેખ |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુ જબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

ફરીયાદ નિવારણ ફોરમ ભુજ

PG-001-007-2018-19



Scanned by CamScanner